# સર્વનિર્ણયપ્રકરણોક્ત સ્વરૂપ-કારણ-કાર્યકોટિનો વિમર્શ

- અક્ષિત શાહ

## ઉપક્રમ

જગત કે બ્રહ્માંડમાં અસંખ્ય પદાર્થો અનુભવાય છે. તો સાથે જ તે પૈકી પ્રત્યેક પદાર્થમાં અન્ય પદાર્થો સાથે કોઈ સામ્ય ને કોઈ વૈષમ્ય પણ અનુભવાય છે જ. તટસ્થ દ્રષ્ટા તેને સામાન્ય-વિશેષભાવ તો પ્રવાહસ્થ તેને ઉચ્ચ-નીચભાવ કહેતો હોય છે. જગતને સંપૂર્ણ સમજવા આવા મુખ્ય કેટલા અને કેવા સામાન્ય-વિશેષભાવ છે તેને ગ્રહણ કરવા આવશ્યક છે.

## વિષય

જગતમાં બુધ્ધિગ્રાહ્ય પ્રમેયો મુખ્ય કેટલા છે અને તે કેવા છે?

## સંશય

પ્રમેય એક છે, બે છે કે અનેક છે? જવાબ જો એક હોય તો અનુભવમાં કેમ અનેક લાગે છે? જવાબ જો બે કે અનેક હોય તો તેમનો આપસી વ્યવહાર કેવી રીતે નિયંત્રિત થાય છે? વળી ઉપનિષદ્‌માં કહ્યું છે તેમ ''સ એકાકી ન રમતે'' એક જ હોય તો રમણ ન સંભવે અને ''દ્વિતીયાદ્ વૈ ભયં ભવતિ'' બે/અનેક હોય તો ભય અનુભવાય!

## પૂર્વપક્ષ

ભારતીય દર્શનોમાં સાંખ્ય મતની એક પ્રાચીન પરંપરા છે. તેમાંય પાછા સામાન્યવિશેષભાવથી સેશ્વર/નિરીશ્વર વગેરે અનેક ફાંટા છે. આ મત દ્વૈતવાદી છે. તેમાં પ્રકૃતિ અને પુરુષ એ બે પદાર્થ પ્રમેય છે. નિરીશ્વર ફાંટામાં સાંખ્યકારિકાનુસાર તે બંને, આંશિક સામર્થ્ય ધરાવતા વિકલાંગો જેવા, પંગ્વંધન્યાયથી સૃષ્ટિરચના કરે છે. આ રચનામાં પુરુષમાંથી કોઈ નવા રૂપો પ્રકટ નથી થતા પણ પ્રકૃતિમાંથી વિવિધ રૂપો પ્રકટ થાય છે. તેમ થતાં બેમાંથી ચાર પ્રકારના પદાર્થો થઈ જાય છે: ''મૂલપ્રકૃતિઃ અવિકૃતિઃ મહદાદ્યા, પ્રકૃતિવિકૃતયઃ સપ્તઃ, ષોડશકસ્તુ વિકારો, ન પ્રકૃતિર્નવિકૃતિઃ પુરુષઃ''. તે પૈકી પ્રકૃતિ-પ્રકૃતિવિકૃતિ-વિકૃતિ એ ત્રણે સત્ત્વરજતમરૂપ ત્રિગુણાત્મક,



અવિવેકી, અચેતન, વિષય, ભોગ્ય, પ્રસવધર્મિ અને પ્રાયઃ વ્યક્ત હોય છે. પુરુષ તેમનાથી નોખો ચેતન, સાક્ષી, અકર્તા, દ્રષ્ટા, મધ્યસ્થ, કેવળ હોય છે. અજાણતાં જ પંગુ જેવો પુરુષ પ્રકૃતિથી જોડાઈ તેનો ભોક્તા બની બેસે છે અને જંજાળમાં બંધાઈ સુખ-દુઃખ અનુભવ કરતો થઈ જાય છે. તો અંધ જેવી પ્રકૃતિ પુરુષને ભોગ્ય વિવિધ વિષયો નિરંતર પેદા કરી તેને બાંધતી રહે છે. જ્યારે પુરુષ પ્રકૃતિને અને પોતાને નોખા જાણી લે ત્યારે તે કૈવલ્યને પ્રાપ્ત કરી પ્રકૃતિની ઉપેક્ષા કરે છે. ''દૃષ્ટા મયેતિ ઉપેક્ષકઃ એકો, દૃષ્ટાઽહમિતિ ઉપરમેતિ અન્યા, સતિ સંયોગેઽપિ તયોઃ પ્રયોજનં નાસ્તિ સર્ગસ્ય.''

જો આવા કૈવલ્યને મધુર માનીએ તો આ ''મધુરેણ સમાપયેત્''નું અનુસરણ કરતું દર્શન છે. બાકી તો ઈશ્વરના અસ્તિત્વને નકારવાની ગડમથલમાં આમાં અનેક વિસંગતિઓ આવી ગઈ છે ; જેમકે પ્રકૃતિ અને પુરુષને આવા સ્વભાવના કોણે અને કેમ બનાવ્યા? દરેક જવાબ અનેક નવા પ્રશ્નો ઊભા કરે છે. વળી સૃષ્ટિને પંગ્વંધન્યાયથી પ્રકટ થતી અને ઉપેક્ષાથી નિવૃત્ત થતી માનવી એક નિરાશાવાદી તથા પલાયનવાદી દૃષ્ટિકોણ લાગે છે.

સાંખ્ય સિવાય અન્ય નિરીશ્વર દ્વૈતમતો પણ આવા પ્રશ્નોનો ઉત્તર નથી આપી શકતા. શાંકરમતનો કેવલાદ્વૈતનો સિધ્ધાન્ત પણ વ્યાવહારિક દ્વૈતોને અસંબધ્ધ / અનુપપદ્યમાન કહીને જવાબ આપવામાંથી છટકવા માંગે છે.

## ઉત્તરપક્ષ

વેદો-ઉપનિષદો-ગીતા-ભાગવત શુધ્ધાદ્વૈતનો સિધ્ધાન્ત પ્રસ્થાપિત કરે છે. ઋગ્વેદનું પુરુષસૂક્ત જુઓ કે ગીતાનો પુરુષોત્તમયોગ કે ભાગવતમાં દશમસ્કન્ધમાં જન્મપ્રકરણ, સર્વત્ર આ સમગ્ર સૃષ્ટિને શાખા-પલ્લવ-ફૂલ-ફળતયા અનેક છતાં એક સઘનવૃક્ષવત્ એક તરીકે વર્ણવાઈ છે. ''એકાયનોસૌ દ્વિફલસ્ત્રિમૂલશ્ચતૂરસઃ પંચવિધઃ ષડાત્મા, સપ્તત્વગષ્ટવિટપો નવાક્ષો દશચ્છદી દ્વિખગો હ્યાદિવૃક્ષઃ'' (ભાગ.પુરા. ૧૦।૨।૨૭) એવું દેવતાઓ અવતારી ભગવાનની સ્તુતિ કરતાં કહે છે.

આ જોકે સમજવું થોડું અઘરું છે. તેમાંય વૃક્ષના દૃષ્ટાંતથી ઉત્પત્તિ-સ્થિતિ તો સમજાય છે પણ લય નથી સમજાતો. તેથી

શ્રીઆચાર્યચરણ સર્વનિર્ણયનિબન્ધમાં કારિકા ૮૪ થી ૧૫૦ માં તેને વિસ્તારથી સમજાવે છે. થોડા સ્પષ્ટીકરણો પછી આ વિસ્તારને જોશું.

૧) એક સમર્થ ભાષ્યકાર હોવાથી આપશ્રી અહીં વાત સમજાવવા સ્વરચિત 'સ્વરૂપકોટિ', 'કારણકોટિ', 'કાર્યકોટિ' પદોનો પ્રયોગ કરે છે. 'કોટિ' શબ્દ સામાન્ય રીતે એકલો વપરાય ત્યારે પ્રકાર (કેટેગરી) સૂચવે છે. પરન્તુ અન્ય પદસમૂહ સાથે જોડાઈ વિશિષ્ટ હોય ત્યારે પ્રકાર + શ્રેણી (કેટેગરી અને હીયરાર્કી) બંને અર્થોનું વહન કરે છે. તો શ્રીઆચાર્યચરણ જગતમાં દશ્યાદશ્ય પદાર્થોને આ ત્રણ કોટિમાં જમાવીને સમજાવે છે.

૨) અહીં શ્રોતા પ્રતિપક્ષી ન હોવાથી "લક્ષણપ્રમાણાભ્યાં વસ્તુસિધ્ધિઃ"ની કે ઉદ્દેશ + લક્ષણ + પરીક્ષાની શૈલી ન અપનાવતાં આપશ્રી સમજાવવાના આશયથી ઉદ્દેશ + વર્ણન કરે છે. તે તે પદાર્થોના લક્ષણો શ્રીભાગવતતૃતીયસ્કન્ધમાં અને તેને આધારે પ્રસ્થાનરત્નાકરમાં શ્રીપુરુષોત્તમજીએ પ્રમેયપરિચ્છેદમાં વિસ્તારથી બતાવેલ છે (જુઓ પરિશિષ્ટ). તે સિવાય કાર્યકોટિનો વિસ્તારથી વિચાર પણ અહીં શ્રીઆચાર્યચરણે કરેલ નથી. તે પણ શ્રીભાગવતતૃતીય-ચતુર્થ-પંચમસ્કન્ધમાં ઉપલબ્ધ છે.

૩) શ્રીઆચાર્યચરણ બુધ્ધિસૌકર્ય માટે આ કોટિત્રય સમજાવે છે. બાકી પ્રમેય તો એક શ્રીહરિ જ છે, જે નિર્ગુણ પણ છે અને ગુણ-કાર્ય-ધર્મ-ક્રિયા-ષડ્ ભાવવિકાર સાથે સંકળાયેલા હોઈને સગુણ પણ છે. બુધ્ધિ સામાન્ય રીતે આવા અનેકત્વસહાવસ્થાનસહિષ્ણુ એકત્વને તથા સગુણત્વસહાવસ્થાનસહિષ્ણુ નિર્ગુણત્વને ગ્રહણ ન કરી શકે તેથી હરિના વિવિધ રૂપોને કોટિત્રયમાં જમાવીને સમજાવ્યા છે.

૪) સ્વયં વિવિધ રૂપો ધારણ કર્યા પછી પણ સૃષ્ટિપર નિયંત્રણ તો શ્રીહરિનું કાયમ જ રહે છે. દરેક ક્રિયાના પ્રયોજકકર્તા તો સેનાના સેનાપતિ જેવા શ્રીહરિ જ છે. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે: "યેન રૂપેણ કાર્યં કર્તુમ્ ઇચ્છતિ તદ્રૂપમેવ વ્યાપારયતિ". આ નિયંત્રણની પરન્તુ શ્રેણી (હીયરાર્કી) છે, જેને રથના દષ્ટાન્તથી સમજાવી છે. જેમ એક રથ હોય, તેનાપર તેના સારથિનું નિયંત્રણ હોય, જે રથિના આદેશો અનુસરે, જે તેના અન્તર્યામિનો દોરાયો દોરવાય. તેમ આ જગતરૂપી રથના સારથિ સમષ્ટિ અન્તર્યામિ છે, રથિ અક્ષર છે અને રથિના અન્તર્યામિ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે.

૫) આ કોટિત્રયથી સમજાવેલ પ્રમેયરૂપ શ્રીહરિ અહીં સમજાવેલ શાસ્ત્રાનુસારી પ્રક્રિયા સિવાયની અન્ય કોઈ વ્યવસ્થાદ્વારા પણ સૃષ્ટિ પ્રકટ કરવા સમર્થ છે. તેથી આ પ્રક્રિયા એકમાત્ર સંભાવના નથી. જોકે આપણે હાલ જે સૃષ્ટિમાંના પાત્ર છીએ તેની વ્યવસ્થા શાસ્ત્રાનુસાર આવી છે.

આ સ્પષ્ટતાઓ પછી કોટિત્રય સમજીએ.

### ક) કારણકોટિ :

૨૮ તત્ત્વોને શ્રીઆચાર્યચરણ કારણકોટિમાં જમાવે છે — ત્રિગુણ સત્ત્વ-રજ-તમ, પ્રકૃતિ, પુરુષ (સમષ્ટિ), મહાન = ચિત્ત, અહંકાર, પંચ તન્માત્રા, પંચ મહાભૂત, પંચ કર્મેન્દ્રિય, પંચ જ્ઞાનેન્દ્રિય અને મન. સાંખ્યદર્શનમાં પુરુષ + પ્રકૃતિ + ૭ પ્રકૃતિવિકૃતિ + ૧૬ વિકૃતિ ગણાવી તેનો આમાં સમાવેશ કરેલ છે. અન્યાન્ય દર્શનોમાં માન્ય બુધ્ધિ / પ્રાણ / માયા / કાલ / સૂત્ર / ધ્વંસ / પ્રાગભાવ / સંખ્યા / સામાન્ય આદિને આ સિવાયના અલગ તત્ત્વ તરીકે ન સ્વીકારતાં શ્રીભાગવતના આધારે શ્રીઆચાર્યચરણ તેઓનો આમાંના કોઈ તત્ત્વ કે અન્ય કોટિમાં જ અન્તર્ભાવ કરે છે. તે શ્રીહરિ જ આ વિવિધ રૂપે ઉદ્ભવ્યા હોવાથી તેમને "તત્ત્વ" કહેલ છે. બ્રહ્મના સત્ + ચિત્ +આનંદ અંશો પૈકી આ સદંશનો વિસ્તાર છે ; ચિદ્ અને આનંદ અન્ય રૂપોમાં વિકૃતપરિણત નથી થતા. આ તત્ત્વોને કારણ એ અર્થમાં સમજવા કે તે કાર્યકોટિના પૂર્વવર્તિ છે ; એ અર્થમાં નહીં કે તે આદ્ય / આદિ છે, કેમકે પ્રાકૃતિકપ્રલય વખતે તેમનો પણ લોપ થતો હોવાથી અવશિષ્ટ આદિ સ્વરૂપકોટિમાંથી ત્યાર બાદના સૃષ્ટિસર્જનમાં આ તત્ત્વો ઉદ્ભવે છે.

### ખ) કાર્યકોટિ :

કારણકોટિમાંથી ઉદ્ભવે છે તેવા દશ્યમાન અનન્ત રૂપોને કાર્યકોટિમાં

લેવા. તેમનો વિશેષ વિચાર ન કરતાં સામાન્યતઃ તેમને જડ અને જીવ એમ બે સમૂહમાં પૃથક્ કર્યા છે. તે બંનેના વ્યષ્ટિ અને સમષ્ટિ એમ બે પ્રભેદ છે. અન્ય આલેખો આ વૈકૃત સર્ગની વિગતોમાં જતા હોવાથી અહીં કેવળ નામોલ્લેખ કરીશ.

અ) સ્થાવર - વનસ્પતિ / ઔષધિ, લતા, વાંસ, વીરુધ, વૃક્ષ.

બ) જંગમ - ૧) તિર્યંચ – (ક) સાત્ત્વિક પશુ ગાય આદિ, (ખ) એક ખરીવાળા ઘોડા આદિ, (ગ) પાંચ નખવાળા સિંહ-મગર-વાનર આદિ, (ઘ) પક્ષીઓ.

૨) મનુષ્યો – રજોગુણપ્રધાન, કર્મપરાયણ.

૩) તદિતર – દેવો ( સત્ત્વગુણપ્રધાન )-પિતૃઓ-અસુરો-ગંધર્વો-અપ્સરાઓ-સિધ્ધો-યક્ષો-રાક્ષસો-ચારણો.

૪) કૌમાર – દેવ અને મનુષ્ય બંનેના લક્ષણો ધરાવનાર.

અહીં ઉલ્લેખ નથી પણ નિબન્ધના શાસ્ત્રાર્થપ્રકરણમાં વ્યષ્ટિ અન્તર્યામિને પણ શ્રીઆચાર્યચરણે કાર્યકોટિમાં ગણેલ છે, જે બ્રહ્મના આનંદાંશ છે.

ગ) સ્વરૂપકોટિ :

કારણકોટિ અને કાર્યકોટિમાં સાંખ્યદર્શન સાથે ખાસ્સી સમાનતા ધરાવતું વૈદિકદર્શન સ્વરૂપકોટિના મામલે વિલક્ષણ છે. આ સ્વરૂપકોટિ સંકુલ અને શાસ્ત્રૈકગમ્ય છે. પણ તેનો સ્વીકાર કર્યા બાદ સાંખ્યદર્શન સામેના કે આધુનિક નિરીશ્વરવાદી વિજ્ઞાનાનુરોધી ચિંતકોના પણ અનુત્તરિત પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો સહેલાઈથી ઉપલબ્ધ થઈ રહે છે. તેથી તે વિચાર અગત્યનો છે. અન્ય કોટિદ્વયની તુલનામાં આ શાસ્ત્રૈકગમ્ય કોટિનું વિસ્તૃત વર્ણન અહીં છે.

અ) કાલ-કર્મ-સ્વભાવના સામાન્યલક્ષણો :

"એવં કાલસ્તથા કર્મ સ્વભાવો હરિરેવ સઃ, અતઃ તદ્દ્ગમઃ શાસ્ત્રે ન કદાચિદ્દાહૃતઃ, સર્વસાધારણત્વેન ન તત્ તત્ત્વં તદેવ તત્ ( કારિકા ૧૧૫-૧૧૬ ).

પ્રકાશ— સ કાલાદિઃ હરિરેવ... યથા ભગવાન્ સર્વસાધારણત્વાત્ ન તત્ત્વકોટૌ પ્રવિશતિ તથા કાલાદિરપિ. ભગવત્ત્વેનૈવોપપત્તૌ ન પૃથક્ત્વમ્.

સાર : કાલ, કર્મ અને સ્વભાવ સ્વરૂપકોટિમાં આવે છે; કારણકોટિ



કે કાર્યકોટિમાં નહીં. તેથી ૨૮ તત્ત્વોની ઉત્પત્તિ જ્યાં શાસ્ત્રોમાં બતાવેલ છે ત્યાં કાલ-કર્મ-સ્વભાવનો ઉલ્લેખ નથી. તે પૃથક્ ન હોવાથી તેમને ઉપપત્તિપક્ષથી સમજવા રહ્યા. કારણકોટિ અને કાર્યકોટિના સર્વ રૂપોમાં આ ત્રણે ય વ્યાપ્ત છે ભગવાનની માફક સાધારણ રીતે. તેથી આ ત્રણે ય તત્ત્વ ( = ભગવાને ધારણ કરેલ અન્ય રૂપ ) ન હોઈને ભગવદ્સ્વરૂપાન્તઃપાતિ છે.

૧) કાલ :

કાલ જગતનું નિમિત્તકારણ છે. પ્રકૃતિમાં રહેલ જગતના ઉપાદાનકારણ બનવાના સામર્થ્યને બાદ કરતાં અન્ય સર્વ સામર્થ્યો કાલમાં પણ છે. તે સ્વરૂપતઃ સચ્ચિદાનન્દાત્મક હોવા છતાં તેમાં ચિદાનન્દાંશ અપ્રકટ છે અને સદંશ જ થોડો પ્રકટ છે તેથી પરોક્ષતયા અનુભવાય છે. તે બ્રહ્માથી માંડી સકલ પદાર્થોનો આશ્રય છે. તે સતત ગતિશીલ હોવાથી પોતાની અંદર સમાવેલ જગતની પણ ગતિ સિધ્ધ કરી દે છે; તેથી નિત્યપ્રલય થતો રહે છે. તે જગતની અંદર અને બહાર વ્યાપી રહેલ છે અને સર્વના ઉત્પત્તિ અને નાશનું નિમિત્ત બનતો રહે છે કેમકે તે ક્રિયાશક્તિપ્રધાન છે. અસુરો તેને જ પૂજે છે. તેનામાં સર્વ પદાર્થોને વિકૃત કરવાની શક્તિ રહેલ છે. તે સ્વતઃ પ્રકટ છે. તે ભગવાનનો અંતરંગ મુખ્ય અધિકારી છે. તેનું ઐશ્વર્ય ભગવદ્દત્ત છે. ભગવાનની ઈચ્છા એ જ કાલ બની જાય છે. પોતાના ઉદય અને અસ્ત વડે કાલની ગતિનું પ્રત્યક્ષ ભાન કરાવતા સૂર્યચન્દ્રાદિ તેના આધિભૌતિક રૂપો છે. તો પરોક્ષતયા અનુભવાતા ચાર યુગો વગેરે પરિમાણો તેના આધ્યાત્મિક રૂપો છે.

૨) કર્મ :

તે અક્ષરસ્વરૂપાન્તઃપાતિ છે. કાલને વશ રૂપોપર તેનો પ્રભાવ હોય છે. તે કાલની જેમ સ્વતઃ પ્રકટ ન હોઈને પરતઃ પ્રકટ થતું હોય છે. એટલે કે અધિકારી જીવો શાસ્ત્રોક્ત વિધિ-નિષેધોને અનુસરે તો તે પ્રકટ થઈ ફલદાન કરી પાછું લીન થઈ જાય છે. તે એક વ્યાપક અને ક્રિયારૂપ હોય છે પણ જીવોની ક્રિયાઓથી તેનો અંશેન આવિર્ભાવ-તિરોભાવ થતો રહે છે. તે સુખ-દુઃખદાતા

છે. કાલની માફક તેનામાં પણ ચિદાનંદનો તિરોભાવ હોઈને ઈષત્સત્ત્વાંશ જ પ્રકટ છે.

૩) સ્વભાવ :

તે સચ્ચિદાનંદરૂપે નહીં પણ ભગવદિચ્છારૂપે પ્રકટ થાય છે. એટલે કે તેના કાર્યરૂપ પરિણામો સર્વાનુભવગોચર છે પણ તે સ્વયં પ્રત્યક્ષ ન થતાં સામાન્યતઃ અનુમાનગમ્ય છે. તે સર્વથા તિરોહિત હોવા છતાં તેના ઉદ્‌ગમ અને તિરોભાવ બહુધા થતાં જણાય છે. સર્વ રૂપોના સર્જન પછી પાછળથી તે સર્વવસ્ત્વાશ્રિત થાય છે.

ખ) અક્ષર :

તે સચ્ચિદાનંદ પરબ્રહ્મથી અભિન્ન છે. તે પ્રકૃતિ અને પુરુષનું અધિષ્ઠાન છે. આનન્દાંશનો તેમાં તિરોભાવ હોય એવું લાગે છે. ભગવાન અવતાર લે ત્યારે સાથે તેનો પણ તેમના લોક કે પાદતયા આવિર્ભાવ થાય છે. ઉપાસનાથી સેવ્ય હોવાથી તેને 'પરમાત્મા' કહેવાય છે. તે સિવાય તેને નિગમ-આગમમાં 'મુખ્યજીવ', 'બ્રહ્મ', 'કૂટસ્થ', 'અવ્યક્ત' કે 'અસત્તમઃ' પણ કહેલ છે.

ક) પુરુષોત્તમ શ્રીહરિ :

તે અક્ષરરૂપી ધામમાં બિરાજે છે. તેમનું યજ્ઞાત્મક સક્રિય રૂપ વેદોના પૂર્વકાંડનો અભિધેયાર્થ છે, જ્ઞાનાત્મક સક્રિય રૂપ ઉત્તરકાંડનો અભિધેયાર્થ છે તથા ક્રિયા-જ્ઞાનોભયવિશિષ્ટ રૂપ ગીતા-ભાગવતનો અભિધેયાર્થ છે. (તે નિરૂપણમાં ક્યાંય લક્ષણા કે અર્થવાદ નથી, કેમકે અભિધેયાર્થના બાધની સંભાવના શ્રીહરિના પ્રમેય હોવાને બાધિત કરતાં પહેલાં તે શાસ્ત્રવચનના પ્રામાણ્યનો જ બાધ કરી દે છે).

આ સ્વરૂપકોટિ અન્ય કોટિદ્વયની તુલનામાં શાશ્વત છે. તે કારણકોટિ અને કાર્યકોટિના વ્યાકૃત રૂપોમાં પણ અનુગત છે અને પ્રલયોત્તર-સૃષ્ટ્યાદિ પણ અવ્યાકૃતરૂપે વિદ્યમાન હોય છે. તેના આધારે સાંખ્યમતની સૃષ્ટિપ્રક્રિયાનું સંશોધન કેવી રીતે થાય છે તે હવે સંક્ષેપમાં જોઈએ.

પ્રકૃતિ અને પુરુષ જેવા છે તેવા તેમના સ્વભાવ સ્વતઃ સિધ્ધ નથી પણ સ્વરૂપકોટિમાંના સ્વભાવને કારણે છે, જે રમણાનુરૂપ ભગવદિચ્છા છે. ત્રિગુણની સામ્યાવસ્થામાં ક્ષોભ ઉત્પન્ન થઈ પ્રકૃતિમાંથી



વિકૃતિઓ પરિણત થાય છે તે પુરુષના સંયોગને કારણે નથી પણ કાલને કારણે છે. તેથી જ પુરુષ કૈવલ્યને પ્રાપ્ત કરે તો સૃષ્ટિપ્રક્રિયા અટકતી નથી. વળી પુરુષને પ્રકૃતિના સંયોગને કારણે નહીં પણ શાસ્ત્રોક્ત વિધિ-નિષેધોને અનુરૂપ પોતાની ક્રિયાઓ દ્વારા આવિર્ભૂત કર્મને કારણે સુખ-દુઃખ પ્રાપ્ત થાય છે. તેથી મુક્ત થવા માટે પ્રકૃતિને વશ ન થવું પર્યાપ્ત નથી પણ કાલાદિને વશ ન થવું રહ્યું. તે માટે અક્ષર કે શ્રીપુરુષોત્તમનો આશ્રય લેવો રહ્યો ; પોતાના અને પ્રકૃતિના દ્વૈતમાત્રના જ્ઞાનથી કામ નહીં થાય. એટલું ખરું કે પુરુષ-પ્રકૃતિના દ્વૈતનું જ્ઞાન મુક્તિ તરફનું પહેલું સોપાન બની શકે છે ; પંચપર્વા વિદ્યામાંનું એક પર્વ સાંખ્ય છે– ''વૈરાગ્યં સાંખ્યયોગૌ ચ તપો ભક્તિશ્ચ કેશવે, પંચપર્વેતિ વિદ્યેયં યયા વિદ્વાન્ હરિં વિશેત્''. (મારા મતે પંચપર્વા વિદ્યા વૈરાગ્ય-સાંખ્ય-યોગ-તપ-ભક્તિ અનુક્રમે સ્વરૂપકોટિના કાલ-કર્મ-સ્વભાવ-અક્ષર-પુરુષોત્તમને અનુરૂપ પ્રતિભાવો છે. વૈરાગ્ય વિકારકારી કાલનો પ્રભાવ રોકે છે, તો સાંખ્ય કર્મનો અને યોગ સ્વભાવનો. તપ અવ્યક્તોપાસના જેવી ક્લિષ્ટ સાધના છે પણ ભક્તિ પુરુષોત્તમને વશ કરતી અક્લિષ્ટસાધના છે).

તે સિવાય કાલને વશ પ્રલયની પ્રક્રિયા પણ સમજવી સરળ થઈ પડે છે. જોકે આ અન્ય આલેખોનો વિષય છે, પણ સંક્ષેપમાં સમજાવું તો નિત્યપ્રલયમાં એક કાર્યકોટિના રૂપનો બીજા રૂપમાં લય થાય છે, નૈમિત્તિકપ્રલયમાં કાર્યકોટિના સર્વ રૂપોનો કારણકોટિમાંના ત્રિગુણ-પ્રકૃતિ-પુરુષમાં લય થાય છે, જ્યારે કે પ્રાકૃતિકપ્રલયમાં કારણકોટિ અને કાર્યકોટિના સર્વ રૂપો સ્વરૂપકોટિમાં અન્તર્નિહિત થઈ રહે છે ; ''કૃષ્ણસ્યાત્મરતૌ ત્વસ્ય લયઃ સર્વસુખાવહઃ''. પ્રપંચ માયિક (માયાવિવર્તોપાદાનક) નથી પણ પ્રાકૃતિક + કાલિક (પ્રકૃતિપરિણામ્યુપાદાનક કાલનિમિત્તક) છે ; બધ્ધ જીવના અજ્ઞાનથી પ્રસૂત દોષગ્રસ્ત કૃતિ નથી પણ આત્મારામ બ્રહ્મની ''એકોઽહં બહુ સ્યાં પ્રજાયેય''ની રમણેચ્છાથી પ્રસૂત સુકૃતિ છે.

આ કોટિત્રયના આધારે પ્રભુ પક્ષપાતી છે, નિર્દય છે એવા એવા આધુનિક ચિંતકોના આક્ષેપોનું પણ સમાધાન મળી રહે છે. કેમકે આ રમણાર્થ સર્જાયેલી આત્મસૃષ્ટિ છે.

## સંગતિ અને નિષ્કર્ષ

બ્રહ્મ અને જીવાત્મા વિષયોપર સેમિનાર કર્યા પછી આ કાર્યકોટિના જગતને સેમિનારનો વિષય બનાવવું સંગતિમાં પ્રાપ્ત થાય છે. જગતને મિથ્યા કે માયિક માનવું અન્તે ભગવદ્ભજનને હાનિ પહોંચાડે છે. તો જગતપર જ ધ્યાન કેન્દ્રિત કરી નાસ્તિકવત્ પ્રભુને કાલ્પનિક માનવા ભગવદ્ભજનનો ઉચ્છેદ જ કરી દે છે. શ્રીઆચાર્યચરણ તેથી શાસ્ત્રાનુસાર સંતુલિત અભિગમ ધારણ કરવાનો ઉપદેશ આપે છે: ‘‘બ્રહ્મરૂપેણ જગદ્ જ્ઞાતવ્યમ્. બ્રહ્મ જગતોऽતિરિચ્યતે ઈતિ ન તત્ર આસક્તિઃ કર્તવ્યા’’.

બુધ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ।

## પરિશિષ્ટ :

### શ્રીભાગવતતૃતીયસ્કન્ધના આધારે પ્રસ્થાનરત્નાકરના પ્રમેયપરિચ્છેદમાં શ્રીપુરુષોત્તમજીએ બતાવેલ કોટિત્રયના લક્ષણો :

સ્વરૂપકોટિ :

ભગવાન : ક્રિયા-જ્ઞાન-તદ્દુભયવિશિષ્ટભેદેન ત્રિવિધોऽપિ પ્રમાણાનુરોધિ-પ્રમેયાત્મા.

અક્ષર : પ્રકૃતિઃ પુરુષશ્ચોભૌ પરમાત્માऽભવત્ પુરા યદ્રૂપં સમધિષ્ઠાય તદ્ અક્ષરમ્ ઉદીર્યતે.

કાલ : અન્તઃસચ્ચિદાનન્દો વ્યવહારે ઈષત્સત્ત્વાંશેન પ્રકટઃ. નિત્યગત્વે સતિ સકલાશ્રયઃ સકલોદ્ભવો વા.

કર્મ : વિધિનિષેધપ્રકારેણ લૌકિકક્રિયાભિઃ પ્રદેશતો અભિવ્યંજનયોગ્યા વ્યાપિકા ક્રિયા.

સ્વભાવ : પરિણામહેતુત્વમ્.

કારણકોટિ :

સત્ત્વગુણ : પ્રમુખાનાવરકત્વે પ્રકાશકત્વે સુખાત્મકત્વે ચ સતિ સુખાસક્ત્યા જ્ઞાનાસક્ત્યા ચ દેહિનો દેહાદ્યાસક્તિજનકમ્.

રજોગુણ : રાગાત્મકં વા તૃષ્ણાસંગાદિજનકં વા કર્માસક્ત્યા દેહિનો



નિતરાં દેહાદ્યાસક્તિજનકં વા.

તમોગુણ : આવરણશક્તિજન્યં સર્વદેહિમોહકં પ્રમાદાલસ્યનિદ્રાભિઃ દેહિનો દેહાદ્યાસક્તિજનકમ્.

પુરુષ : આત્મા. દેહેન્દ્રિયાદિકં સર્વં પદાર્થમ્ અતતિ વ્યાપ્નોતિ અધિતિષ્ઠતિ. અનાદિત્વે સતિ નિર્ગુણત્વે સતિ પ્રકૃતિનિયામકત્વે સતિ અહંવિત્તિવેદ્યત્વમ્. સ્વયંપ્રકાશત્વમ્. વિશ્વગત-ગુણદોષસમ્બન્ધાભાવેऽપિ સમ્યક્સંસર્ગવત્ત્વમ્. જીવાસ્તુ પુરુષાંશાઃ.

પ્રકૃતિ : પ્રધાનં = ભગવતા જગદુપાદાનત્વેન નિર્મિતં મુખ્યં ભગવદ્રૂપમ્. ત્રિગુણમ્ અવ્યક્તં નિત્યં સદસદાત્મકં અવિશેષં વિશેષવત્.

મહાન : કૂટસ્થત્વે સતિ સ્વાધારવિશ્વવ્યંજકત્વમ્. જગદંકુરત્વમ્. અતિસમર્થતમોનાશકત્વમ્ (આધ્યાત્મિક). વાસુદેવાવિર્ભાવસ્થાન-શુદ્ધસત્ત્વાત્મકત્વં, તદ્રૂપતયા ઉપાસ્યત્વં ચ (આધિદૈવિક). ચિત્તત્વં = નિર્વિષય-સર્વવિકારરહિત-જ્ઞાનવૃત્તિકત્વમ્ (આધિભૌતિક).

અહંકાર : તન્માત્રેન્દ્રિયમનોજનક-તમઆદિગુણવત્ત્વમ્ (આધ્યાત્મિક). સંકર્ષણાધિષ્ઠાનત્વમ્ (આધિદૈવિક). કર્તૃ-કરણ-કાર્યત્વં શાન્તઘોરવિમૂઢત્વં વા (આધિભૌતિક). પ્રાણો બુદ્ધિ ચ અસ્યૈવ રૂપાન્તરમ્. સર્વેન્દ્રિયબલદાતૃત્વં હિ પ્રાણલક્ષણમ્. દ્રવ્યસ્ફુરણવિજ્ઞાનત્વં, ઈન્દ્રિયાનુગ્રાહકત્વં, સંશયાદિપંચવૃત્તિકત્વં ચ બુદ્ધેઃ ત્રીણિ લક્ષણાનિ.

તન્માત્રાસામાન્ય : ભૂતસૂક્ષ્માવસ્થા. નિર્વિશેષશબ્દાદિગુણવદ્ભૂતત્વમ્. અહંકારોપાદેયત્વે સતિ તત્ત્વાન્તરોપાદાનત્વમ્.

શબ્દ : શ્રોત્રગ્રાહ્યધર્મવાન્. નભસ્તન્માત્રત્વમ્. દ્રષ્ટૃદ્રશ્યલિંગત્વમ્. રૂપસૃષ્ટ્યન્તર્ગતો અયં તુ કાર્યગતઃ સવિશેષઃ સન્ પંચાનામપિ ગુણઃ.

સ્પર્શ : ત્વગ્ગ્રાહ્યઃ. વાયુતન્માત્રત્વમ્. શબ્દવ્યાપ્યગુણત્વં વા રૂપવ્યાપકગુણત્વં વા. સઃ મૃદુ-પિચ્છિલ-કઠિન- શીતોષ્ણાનુષ્ણાશીત- લઘુ-ગુરુ-સંયોગાદિભેદાદ્ બહુવિધઃ.

રૂપ : ચક્ષુર્ગ્રાહ્યમ્. તેજસ્તન્માત્રત્વમ્. દ્રવ્યાકૃતિતુલ્યાકૃતિકત્વમ્. સર્વદા ઉપસર્જનતયા પ્રતીયમાનત્વમ્. વ્યક્તિસંસ્થાસમાનસંસ્થાકત્વમ્. સ્પર્શવ્યાપ્યગુણત્વં રસવ્યાપકગુણત્વં વા. તચ્ચ તન્માત્રારૂપમ્ એકવિધમેવ, કાર્યદ્રવ્યગતં તુ ગુણરૂપમ્ અનન્તવિધં - ભાસ્વર-શુક્લ-નીલ-પીત-

હરિત-લોહિતાદિભેદાત્.

રસ: રસનેન્દ્રિયગ્રાહ્યઃ. જલતન્માત્રત્વમ્. ગંધવ્યાપકગુણત્વં રૂપવ્યાપ્યગુણત્વં વા. સચ તન્માત્રારૂપો અવ્યક્તમધુર એવ જલે, રસાન્તરપ્રતીતિસ્તુ આધારધર્મસમ્બન્ધાત્. કાર્યગતઃ કષાય-મધુર-તિક્ત-કટુ-અમ્લ-ક્ષાર-મિશ્રભેદાત્ સપ્તવિધઃ, તદવાન્તરભેદૈસ્તુ અનન્તવિધઃ ગુડ-શર્કરા-દ્રાક્ષા-દુગ્ધાદૌ મધુર ઈવ.

ગન્ધ: ઘ્રાણેન્દ્રિયગ્રાહ્યઃ. પૃથિવીતન્માત્રત્વમ્. રસવ્યાપ્યગુણત્વં વા. સચ વ્યક્તાવ્યક્તભેદાદ્ દ્વિવિધઃ. કાર્યગતસ્તુ ગુણરૂપઃ ષડ્વિધઃ કરંભ-પૂતિ-સૌરભ્ય-શાન્તોગ્રામ્લભેદાત્. તદવાન્તરભેદૈસ્તુ અનન્તવિધઃ.

આકાશ: ભૂતાવકાશદાતૃત્વમ્. બહિરન્તર્વ્યવહારવિષયત્વમ્. પ્રાણેન્દ્રિયાન્તઃકરણાધારત્વમ્. અસ્ય ચ શબ્દ એવ વિશેષગુણઃ.

વાયુ: અરૂપિત્વે સતિ ચાલન-વ્યૂહન-દ્રવ્યશબ્દગન્ધનયન- સર્વેન્દ્રિયબલદાનાખ્ય-કાર્યકત્વમ્. અસ્ય ચ સ્પર્શો વિશેષગુણઃ, શબ્દશ્ચ કારણાન્વયાત્, તેન અયં દ્વિગુણઃ.

અગ્નિ / તેજ: પ્રકાશન-પાચન-પાન-હિમમર્દનાદન-શોષણાખ્ય - ષટ્કાર્યકત્વમ્. અસ્ય ચ રૂપં વિશેષગુણઃ શબ્દ-સ્પર્શૌ ચ કારણાન્વયાત્, તેન ત્રિગુણમ્.

જલ: ક્લેદન-પિંડન-તૃપ્તિ-પ્રાણનાપ્યાયન-પ્રેરણ-તાપાપનોદન-ભૂયસ્ત્વાખ્ય -અષ્ટકાર્યકત્વમ્. અસ્ય ચ વિશેષગુણો રસઃ, શબ્દ-સ્પર્શ-રૂપાણિ પરાન્વયાત્, તેન ઈદં ચતુર્ગુણમ્.

પૃથ્વી: રૂપવત્ત્વે સતિ સાક્ષાત્સર્વજગદ્ધારકત્વમ્. આધારત્વે સતિ સર્વતત્ત્વવ્યાવર્તકત્વં વા. અસ્યાશ્ચ વિશેષગુણો ગન્ધઃ, શબ્દ-સ્પર્શ-રૂપ-રસાસ્તુ કારણાન્વયાત્.

ઈન્દ્રિય: તૈજસાહંકારોપાદેયત્વે સતિ જ્ઞાનક્રિયાન્યતરકરણમ્. દેહસંયુક્તત્વે સતિ સ્વફલેન આત્મજ્ઞાપકત્વં વા. એતાનિ દશાપિ રાજસાનિ. એતેષુ ચક્ષુઃ-શ્રોત્ર-ઘ્રાણ-હસ્ત-પાદાઃ દ્વિગોલકાઃ, પાયૂપસ્થૌ એકૈકગોલકૌ, જિહ્વાખ્યં તુ ગોલકં વાગ્રસનાભ્યામ્ અધિષ્ઠિતં, ત્વગ્ વ્યાપિકા ઈતિ.

વાક્: વ્યવહારજનકમ્ ઈન્દ્રિયં વહ્નિદેવતાકં વા ઈન્દ્રિયમ્.



હસ્ત: શિલ્પજનકમ્ ઈન્દ્રિયમ્ ઈન્દ્રદેવતાકં વા ઈન્દ્રિયમ્.
ચરણ: ગતિજનકમ્ ઈન્દ્રિયં વિષ્ણુદેવતાકં વા ઈન્દ્રિયમ્.
પાયુ: વિસર્ગજનકમ્ ઈન્દ્રિયં મિત્રદેવતાકં વા ઈન્દ્રિયમ્.
ઉપસ્થ: આનન્દજનકમ્ ઈન્દ્રિયં પ્રજાપતિદેવતાકં વા ઈન્દ્રિયમ્.

શ્રોત્ર: નભોગુણવિશેષત્વેન શબ્દગ્રાહકમ્ ઈન્દ્રિયં દિગ્દેવતાકં વા.
ત્વક્: વાયુગુણવિશેષત્વેન સ્પર્શગ્રાહકમ્ ઈન્દ્રિયં વાયુદેવતાકં વા.
ઘ્રાણ: ગંધગ્રાહકમ્ ઈન્દ્રિયમ્ અશ્વિદેવતાકં વા.
ચક્ષુ: રૂપગ્રાહકમ્ ઈન્દ્રિયં સૂર્યદેવતાકં વા.
રસના: રસગ્રાહકમ્ ઈન્દ્રિયં વરુણદેવતાકં વા.
મન: ક્રિયાજ્ઞાનોભયાત્મકમ્ ઈન્દ્રિયમ્. સંકલ્પ-વિકલ્પાત્મકત્વમ્ (આધ્યાત્મિક). કામજનકત્વમ્ (આધ્યાત્મિક). અનિરુદ્ધાવિર્ભાવસ્થાનત્વમ્ (આધિદૈવિક). યોગિભિઃ શનૈઃ સંરાધ્યત્વમ્ (આધિભૌતિક).

* * *